## – :: શોર્ટ ટેન્ડર નોટીસ ::–

સંશોધન વૈજ્ઞાનિક, પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂચાર રસ્તા, નવસારી (ફોન : ૦૨૬૩૭–૨૮૨૪૬૫) ખાતે પશુઓને ખવડાવવા માટે સુકા ફુલઘાસની ગાંસડી અંદાજીત ૪૦ ટન, જુવાર કડબ અંદાજે ૩૦ ટન, જુવાર કડબની કૂટી અંદાજીત ૩૦ ટન (ટેન્ડર–૧), સ્ટીલ, જે.એસ.ડબલ્યુ. કોરૂકેટેડ પાવડર કોટેડ સ્ટીલ શીટ, સીમેન્ટ વગેરે (ટેન્ડર–૨) ખરીદવાની જરૂરીયાત હોય, રસ ધરાવતી પાર્ટીઓએ અત્રેની કચેરી ખાતેથી ચાલુ દિવસોમાં કચેરી સમય દરમ્યાન તા. ૦૭/૦૩/૧૫ સુધીમાં દરેક ટેન્ડર માટે રૂા. ૫૦૦/– રોકડા જમા કરાવી અથવા **www.nau.in** પરથી ડાઉનલોડ કરી કોરૂં ટેન્ડર ફોર્મ મેળવી તેમાં દર્શાવેલ સ્પેશીફિકેશન/નિયમો/શરતો મુજબ આપના ભાવો ટેન્ડર ફોર્મમાં ભરી ઉપરોકત સરનામે બંધ કવરમાં તા. ૧૦/૦૩/૧૫ સુધીમાં પોસ્ટ/કુરીયરથી પહોંચતા કરવા વિનંતી છે.

**જાહેરાત આપ્યા તા. :** ૨૭/૦૨/૧૫ **વર્તમાનપત્ર :** સંદેશ(સુરત આવૃત્તિ)

# પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## :: સુકા ફુલઘાસની ગાંસડીઓ, જુવાર કડબ અને તેની કૂટી પુરી પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ક્રમ : .....................**

| અ. નં. | ચીજવસ્તુનુ નામ | ખરીદીનો અંદાજીત જથ્થો | ખરીદીની અંદાજીત રકમ (રૂા.) | અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ (રૂા.) | ટેન્ડર ફી (રૂા.) | રસીદ/ડી.ડી. નંબર/તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પશુઓને ખવડાવવા માટે સુકા ફુલઘાસની ગાંસડીઓ | ૪૦ ટન | ૫.૦૦ લાખ | ૧૫,૦૦૦/– | ૫૦૦/– | |
| ૨ | પશુઓને ખવડાવવા માટે જુવાર કડબ | ૩૦ ટન | ૪.૦૦ લાખ | | | |
| ૩ | પશુઓને ખવડાવવા માટે જુવાર કડબની કૂટી | ૩૦ ટન | ૪.૦૦ લાખ | | | |

**નોંધ :** ટેન્ડર ફોર્મ આપ ન.કૃ.યુ.ની વેબસાઈટ **www.nau.in** પરથી ડાઉનલોડ કરી શકશો પરંતુ ડાઉનલોડ કરેલ ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફી ની રકમનો " NAU FUND ACCOUNT " ના નામનો રૂા. ૫૦૦/– નો એક અલગ ડી.ડી. ડીપોઝીટની રકમના ડી.ડી. ઉપરાંત જોડવાનો રહેશે.

**નિયમો અને શરતો :–**

૧) આપનો ભાવ **તા. ૩૦/૦૬/૨૦૧૫** સુધી માન્ય રહે તે મુજબ આ ટેન્ડર ફોર્મમાં ભરવાનો રહેશે.

૨) આપનો ભાવ આ સાથેના નિયત ટેન્ડર ફોર્મમાં ભરી તેમાં માંગ્યા પ્રમાણે સહિ સિકકા કરી તેને બંધ કવરમાં મુકી તેની પર **" સુકા ફુલઘાસની ગાંસડીઓ, જુવાર કડબ અને તેની કૂટીના ભાવ "** એમ લખાણ કરી તેની સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમનો " NAU FUND ACCOUNT " ના નામનો ડીમાન્ડ ડ્રાફટ જોડી **તા. ૧૦/૦૩/૧૫** પહેલા નીચે મુજબના સરનામે મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.

**પ્રતિ,**
**સંશોધન વૈજ્ઞાનિકશ્રી,**
**પશુ સંશોધન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી–૩૯૬ ૪૫૦**

૩) આપ જે ગ્રેડ/જથ્થા/લોટમાંથી ફુલઘાસ ગાંસડી, જુવાર કડબ અને તેની કૂટી પુરા પાડવા માંગતા હોય તેમાંથી ઓછામાં ઓછા ૫.૦૦ કિ.ગ્રા.નાં સેમ્પલો ટેન્ડર ખોલવાના દિવસ પહેલા આ કેન્દ્ર ખાતે ફરજીયાત આપવાના રહેશે. ખાસ નોંધ લેશો કે સેમ્પલ વગરનુ ટેન્ડર રદ કરવામાં આવશે.

૪) આવનાર ટેન્ડર તા. ૧૧/૦૩/૧૫ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે આ માટે નિયત સમિતિ દ્વારા ખોલવામાં આવશે જે દરમ્યાન કોઈપણ પાર્ટી હાજર રહી શકે છે. જો સમિતિને જરૂર જણાશે તો પાર્ટીને રૂબરૂ વાટાઘાટો માટે બોલાવી શકશે.

૫) ભાવ મંજુર થયા બાદ મોકલતી વખતે તેની ગુણવત્તા બાબતે નીચેના શરતોનું પાલન કરવાનુ રહેશે.

૫.૧) આપ દ્વારા મોકલવામાં આવતો માલ આપે ટેન્ડર ખોલવાના દિવસે આપેલ સેમ્પલ મુજબનો હોવો જોઈએ.

૫.૨) ફુલઘાસની ગાંસડી, જુવાર કડબ અને તેની કૂટીમાં ૧૦ % કરતા વધુ ભેજના ટકા ન હોવા જોઈએ. તેના છોડ વાઢેલા એટલે કે મૂળ રહીત હોવા જોઈએ. પરંતુ જો મૂળ સાથેનો માલ આપવામાં આવશે તેવા કિસ્સામાં તેના વજનમાં તેટલી ઘટ ગણી તેટલી રકમ પેમેન્ટમાંથી બાદ કરવામાં આવશે. આ બાબતે કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૫.૩) તે પાતળી દાંડીવાળુ, માટી રહીત, ફુગરહિત, પશુના સ્વાસ્થ્યને નુકશાન કરતા ઝેરી ઘાસ રહીત, તેમજ ફુલઘાસ ગાંસડી સિવાય અન્ય પ્રકારના ઘાસ રહીત હોવુ જોઈએ.

૫.૪) તે પલળેલું, સડેલુ, બગડેલુ કે બટાયેલુ ન હોવુ જોઈએ. તેમજ તેમાં ડાળી અને પાંદડી પ્રમાણસરના હોવા જોઈએ.

ઉપરોકત શરત મુજબનો માલ પુરો પાડેલ ન હોય તેવા કિસ્સામાં કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૬) આપે માલ ફકત કચેરી ચાલુ હોય તેવા દિવસો અને કચેરીના કામકાજ દરમ્યાન જ (જાહેર રજા, બીજો–ચોથો શનિવારના દિવસોમાં કચેરી બંધ હોય અને કચેરીના કામકાજના કલાક સવારે ૮:૦૦ થી સાંજે ૫:૧૦) મોકલવાનો રહેશે અને માલનો વજન આપની કક્ષાએથી સરકાર માન્ય વે બ્રીજ પર કરાવી લેવાનો રહેશે. જરૂર જણાયે વજનની ખાતરી યુનિવર્સિટી ફાર્મ ખાતેના વે બ્રીજ પર અત્રેના કેન્દ્રના સ્ટોર કર્મચારી/અધિકારી દ્વારા આપના પ્રતિનિધિ/ડ્રાયવરની હાજરીમાં કરવામાં આવશે. આવા કેસમાં કાંટા ચીટ્ઠી પરનો વજન અને યુનિવર્સિટીના વે બ્રીજ પર કરવામાં આવેલ વજન પૈકી જે વજન ઓછો હશે તે માન્ય રહેશે.

૭) આપના ભાવપત્રક સાથે આપના PIN/TIN/CST/GST નંબરો દર્શાવવાના રહેશે અને PAN કાર્ડની ઝેરોક્ષ ટેન્ડર સાથે જોડાવાની રહેશે.

૮) આપનો ભાવ મંજુર થયેથી આપને ખરીદ ઓર્ડરની તારીખથી દિન–૧૦ માં માલ પૂરો પાડવાનો રહેશે તેમજ ત્યારબાદ આપનું ઉધારબીલ અત્રે રજુ કર્યા બાદ પેમેન્ટની કાર્યવાહી કરવામાં આવશે. **નિયત સમયગાળામાં જો આપ પુરો માલ પુરો પાડવામાં નિષ્ફળ જશો તો આપની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને બાકીના માલનો ઓર્ડર પછીના નીચા ભાવવાળી પાર્ટીને આપવામાં આવશે જે જાણશો.**

૯) ટી.ડી.એસ. કપાત જે તે સમયના નિયમોને આધિન રહી કરવામાં આવશે.

૧૦) ડિપોઝીટની રકમ ખરીદ કાર્યવાહી પૂર્ણ થયા બાદ નાણાકીય વર્ષના અંતમાં પાર્ટીની માંગણી મુજબ પરત કરવામાં આવશે. જયારે ટેન્ડર ફી પરત મળવાપાત્ર નથી.

૧૧) અત્રેની કચેરી ખાતે આપના ભાવ મળશે તે વખતે આપે સઘળી શરતો વાંચી છે અને તે તમામ આપને સ્વીકાર્ય છે તેવું માનવામાં આવશે જેથી આપે ભાવ ભરતા પહેલા આ સઘળી શરતો વાંચીને જ ભાવો ભરવાના રહેશે. આપનું ભાવપત્રક સ્વીકારવું, અથવા ભાવપત્રકના અમુક જ ભાવો સ્વીકારવા કે સંજોગોવસાત આખુ ભાવપત્રક રદ કરવાના અધિકાર કમિટીનો રહેશે તેમજ કાનુની બાબતોમાં નવસારી કાનુની સત્તા મંડળ રહેશે.

૧૨) શરતી ભાવો માન્ય રાખવામાં આવશે નહી. તે આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

**પાર્ટીની સહી અને સિકકા**

## પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

### :: ફુલઘાસની ગાંસડીઓ, જુવાર કડબ અને તેની કૂટી પુરી પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ટેન્ડર ક્રમ : ......................**

**ટેન્ડર ફી ડી.ડી./રસીદ નં. તારીખ અને વિગત :**

**અર્નેસ્ટ મની ડિપોઝીટની વિગત :**

**બેંકનું નામ :**

**ડી.ડી. નંબર અને વિગત :**

| અ. નં. | ચીજવસ્તુનુ નામ અને સ્પેશીફીકેશન | ખરીદીનો અંદાજીત કુલ જથ્થો | સમય મર્યાદા | ભરેલા ભાવ પ્રતિ ટન (રૂા.) નિયમો અને શરતો મુજબ અત્રેના કેન્દ્ર ખાતે **FOR અને સઘળા ટેક્ષ સાથે** |
|---|---|---|---|---|
| ૧ | પશુઓને ખવડાવવા માટે સુકા ફુલઘાસની ગાંસડીઓ | ૪૦ ટન | ૩૧/૦૩/૧૫ સુધી | (અંકે રૂપિયા ................................ .......................................પુરા) |
| | | | ૩૧/૦૩/૧૫ બાદ | (અંકે રૂપિયા ............................... .....................પુરા) |
| ૨ | પશુઓને ખવડાવવા માટે જુવાર કડબ | ૩૦ ટન | તા. ૩૦/૦૬/૧૫ સુધી | (અંકે રૂપિયા .......................... ........................પુરા) |
| ૩ | પશુઓને ખવડાવવા માટે જુવાર કડબની કૂટી | ૩૦ ટન | તા. ૩૦/૦૬/૧૫ સુધી | (અંકે રૂપિયા ............................ ............................ પુરા) |

સદર ટેન્ડર આ સાથે સામેલ શરતો મને કબૂલ મંજુર છે.

તા. : /૦૨/૨૦૧૫

**પાર્ટીના સહી/સિકકા :**

**માલીકનુ નામ અને સરનામુ :**

**કોન્ટેકટ નંબર :**

**PIN/TIN/CST/GST નંબરોની વિગત :**

PAN CARD NO. : **(નકલ સામેલ રાખવી)**